
## બાયડ "અસલામત"


# રૂા.૪.૪૫ લાખની તસ્કરીમાં ૨૪ કલાક પછી પણ તપાસમાં ફીફાં ખાંડતી પોલીસ

### ચડ્ડી-બનિયાનધારી ટોળકીના આતંક સામે પોલીસ ઘૂંટણિયે, ખાનગી કેમેરા ઉપર પોલીસને વધુ મદાર..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

પોલીસની નિષ્ક્રિયતાથી બાયડમાં તસ્કરરાજ બેફામ બન્યું છે. ગત રોજ ત્રાટકેલી ચડ્ડી-બનિયાનધારી ટોળકીએ ૪ મકાનોને નિશાન બનાવી રૂા.૪,૪૫,૦૦૦ની કિંમતના





સોના-ચાંદીના ઘરેણા, રોકડની લૂંટ ચલાવી બિન્દાસ્ત ફરાર થઈ ગઈ હતી. ડૉગ સ્કવોર્ડ, એફ.એસ.એલ.ની મદદ પછી પણ બાયડ પોલીસ તપાસમાં ફીફાં ખાંડી રહી છે. એક રીતે ચડ્ડી-બનિયાનધારી ટોળકીના આતંક સામે પોલીસે ઘૂંટણ ટેકવ્યા જેવી સ્થિતિ છે. બાયડ પાલિકાના સી.સી.ટીવી કેમેરા બંધ હોવાથી ખાનગી કેમેરા ઉપર પોલીસને તસ્કર ગેંગ શોધવાનો મોટો મદાર છે. પોલીસ અત્યાર સુધીમાં નોંધાયેલા ૯ તસ્કરીના ગુનામાંથી એકપણ ગુનાનો ભેદ ઉકેલ્યો નથી જેથી પોલીસની કામગીરી સામે પણ સવાલ ઉભા થયા છે.

બાયડ પોલીસ સ્ટેશનની હદમાં દારૂનાં હાટડાં શરૂ થયાં ત્યારથી તસ્કરી સહિતના ગુનામાં ઉછાળો આવ્યો છે. જિલ્લા પોલીસ વડા દ્વારા બાયડ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. અને પી.એસ.આઈ. એમ બે અધિકારીઓની નિયુક્તિ છતાં પણ તસ્કરો બેલગામ બની ગયા છે. બાયડના ગાબટ રોડ ઉપર સિવાલિક ગ્રીન્સ સોસાયટીમાં રહેતા તાલુકા પંચાયતના કર્મચારી અંકિતકુમાર જશુભાઈ પટેલના બંધ મકાનમાં ત્રાટકેલી ચડ્ડી-બનિયાનધારી ગેંગે મંગળસૂત્ર, વિંટી, બુટ્ટી સહિત રૂા.૨.૧૬ લાખના મુદ્દામાલની લૂંટ ચલાવી હતી. જ્યારે રીલાયન્સ પેટ્રોલ પંપ નજીક આવેલા દેવભૂમિ સોસાયટીમાં દવાના વેપારી અનિલ પંચાલના બંધ મકાનમાંથી પણ તસ્કર ગેંગે સોનાનાં ઘરેણાં સહિત રૂા.૨.૨૯ લાખની મત્તા લૂંટી મલ્હાર બંગ્લોઝના મકાનમાં હાથ અજમાવવાના પ્રયાસ કરી પોલીસના કોઈપણ પ્રકારના ડર વગર આરામથી પુસ્તકાલય નજીકના માર્ગે અંધારામાં પલાયન થઈ ગઈ હતી. જાણવા મળ્યા મુજબ સિવાલિક ગ્રીન્સમાં ચડ્ડી-બનિયાનધારી ગેંગની ૨ કલાકથી વધુ સમયની હાજરી હોવાની ચર્ચા છે. તો સવાલ એ થાય છે કે બાયડ પોલીસનું નાઈટ પેટ્રોલીંગ કયા રૂટ ઉપર હતું..?? બાયડના બંન્ને પોલીસ અધિકારીઓ તસ્કર ગેંગ સામે તમામ મોરચે નિષ્ફળ ગયા છે તેના કારણે જ વારંવાર બાયડમાં તસ્કરીનો આતંક વધ્યો છે. પોલીસ વધુ સતર્ક નહીં બને અને તસ્કરીનો ઉપદ્રવ વધતો જશે તો બાયડની પ્રજા પોલીસ સામે મોરચો માંડે તે સમય દૂર નથી.

#### દાહોદ-પંચમહાલની ગેંગ હોવાની પ્રબળ આશંકા

બાયડ : બાયડમાં ચડ્ડી-બનિયાનધારી ગેંગે તસ્કરીને અંજામ આપ્યાનું બહાર આવ્યું છે. લોખંડ-સિમેન્ટના વેપારી અને તેમના પરિવારે ચડ્ડી-બનિયાધારી ગેંગને જોઈ હતી તે જોતાં ૫ જેટલા કદાવર લોકો ગેંગમાં હોવાનું જાણવા મળ્યું છે. બાયડમાં જે રીતે તસ્કરીને અંજામ અપાયો છે તે જોતાં અગાઉના વર્ષોમાં મોડાસામાં ચડ્ડી-બનિયાનધારી ગેંગે આતંક મચાવ્યો હતો તે જ મોડસ ઓપરેન્ડીથી ગુના આચરાયા છે તે જોતાં દાહોદ કે પંચમહાલની ગેંગ હોવાની આશંકા પ્રબળ બની છે.

# મુનાઈઘાંટી ગામે ખેતરના શેઢાના ઝઘડામાં ધમાસાણ, હુમલામાં ૩ ખેડૂત ઘાયલ

### ૯ જણના ટોળા સામે રાયોટ-હત્યાના પ્રયાસનો ગુનો દાખલ







બાયડ/ભિલોડા, તા.૦૮

ભિલોડા તાલુકાના મુનાઈઘાંટી ગામે ખેતરના શેઢા મુદ્દે પાંડોર પરિવારો વચ્ચે થયેલા ઝઘડામાં કુહાડી અને ધારીયાથી લોહીયાળ હુમલામાં ૩ જણને ગંભીર ઈજા થતાં સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા છે. સામાન્ય બોલાચાલી પછી મામલો બિચકતાં ગામમાં વાતાવરણ તંગ બની ગયું છે. બનાવ અંગે ભિલોડા પોલીસે ૯ જણના ટોળા સામે રાયોટ તથા હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ચોમાસુ જામે તે અગાઉ ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીની જમીન મુદ્દે ખૂની હુમલા શરૂ થયા છે. તાલુકાના મુનાઈઘાંટી ગામે પાંડોર પરિવારો વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ખેતરના શેઢા બાબતે ગજગ્રાહ ચાલી રહ્યો છે દરમ્યાન તા.૭ના રોજ ફરી બંન્ને પરિવારો વચ્ચે શેઢાના ઝઘડાની બાબતે મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું જેમાં નાનજીભાઈ રૂપાભાઈ પાંડોર અને તેમના પરિવારજનોએ હાથમાં કુહાડી અને ધારીયાં સાથે હલ્લાબોલ કરતાં લાલજીભાઈ પાંડોર, રાજુભાઈ પાંડોર તથા અજય પાંડોરને માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજા થતાં લોહીલુહાણ હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ખેતરના શેઢા મુદ્દે જીવલેણ હુમલો કરવામાં આવતાં બંન્ને પરિવારો વચ્ચે ફરીથી મોટું ઘર્ષણ થવાની દહેશત છે. હુમલામાં ઘાયલ ૩ પૈકી ૧ ની હાલત નાજૂક બતાવાઈ રહી છે. ભિલોડા પોલીસે અંકીત અમૃતભાઈ પાંડોરની ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીઓ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

**આરોપી..**

નાનજીભાઈ રૂપાભાઈ પાંડોર
મેહૂલ નાનજીભાઈ પાંડોર
ડાહ્યાભાઈ બેચરભાઈ પાંડોર
ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ પાંડોર
અલ્પેશ પોપટભાઈ પાંડોર
કુલદિપ અરવિંદભાઈ પાંડોર
પિન્ટુ અળખાભાઈ પાંડોર
પોપટ રૂપાભાઈ પાંડોર
વિશાલ નાનજીભાઈ પાંડોર
(તમામ રહે. મુનાઈઘાંટી, તા.ભિલોડા)

**ઈજાગ્રસ્ત..**

લાલજીભાઈ પાંડોર
રાજુ પાંડોર
અજય પાંડોર

# ચોઈલા ગ્રામ પંચાયતનું બજેટ ફરી નામંજૂર, પંચાયત ગમે તે ઘડીએ સુપરસીડ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

બાયડ તાલુકાની ચોઈલા ગ્રામ પંચાયતનું બજેટ ફરી એકવાર ૮ વિરૂદ્ધ ૨ મતથી નામંજૂર થતાં સન્નાટો વ્યાપ્યો છે. વિકાસ કમિશનરના આદેશથી ફરી એકવાર બજેટ બેઠક બોલાવવામાં આવી પરંતુ તેમાં પણ બજેટ નામંજૂર થતાં પંચાયત ગમે તે ઘડીએ સુપરસીડ થઈ શકે છે.

ગ્રામ પંચાયતોમાં જ્યારથી વિકાસ માટે વધુ ગ્રાન્ટો ફળવાઈ ત્યારથી ડખાનું પ્રમાણ વધવા લાગ્યું છે. કેટલાક કિસ્સાઓમાં ગામનો વિકાસ કરી શકે તેવા સરપંચ અને સભ્યોને ચૂંટી લાવ્યા પછી મતદારો અને પ્રજા ભૂલી પડી હોય તેવી સ્થિતિ પણ પેદા થઈ છે. બાયડ તાલુકાની ચોઈલા ગ્રામ પંચાયતના વર્તમાન સત્તાધિશો સામે પ્રજામાં જબ્બર આક્રોશ હતો. પીવાના પાણીની અસુવિધા, ગંદકી સહિતના અનેક પ્રશ્નોએ પ્રજાને ત્રાસદાયક સ્થિતિમાં લાવી દીધા હતા. જ્યારે સરપંચ સહિત એકાદ સભ્ય સામે વહીવટી રીતે તમામ મોરચે નિષ્ફળના આરોપ પણ લાગ્યા હતા તેમ છતાં ગ્રામ પંચાયતનું વહીવટનું ગાડું ધીમે ધીમે દોડતું હતું.

**૮ વિરૂદ્ધ ૨ મતથી બજેટ નામંજૂર થતાં સન્નાટો, વહીવટી રીતે નિષ્ફળતાનો આરોપ**

ગત ૩૦ માર્ચ-૨૦૨૧ ના રોજ ચોઈલા ગ્રામ પંચાયતની સામાન્ય બજેટ માટેની બેઠક યોજાઈ પરંતુ પંચાયતના વહીવટ સામે સખ્ત નારાજ થયેલા બહુમત સભ્યોએ બજેટ નામંજૂર કરતાં હડકંપ મચ્યો હતો. મામલો ગાંધીનગર વિકાસ કમિશનર કચેરી (ગ્રામ પંચાયત)ના દરબારમાં પહોંચ્યો ત્યાં વધુ એક વખત બજેટ પાસ કરવા માટેની પંચાયતને તક આપવાનો પ્રયાસ કર્યો જે મુજબ તા.૮ જૂન-૨૦૨૧ ના રોજ બજેટ માટે બેઠક યોજાઈ. સરપંચ સહિત ૧૦ સભ્યો હાજર રહ્યા હતા જેમાં બજેટ ચર્ચા દરમ્યાન ૮ સભ્યોએ બજેટની વિરૂદ્ધમાં મતદાન કરતાં ૮ વિરૂદ્ધ ૨ મતે ફરી બજેટ નામંજૂર થતાં હવે ચોઈલા ગ્રામ પંચાયત ગમે તે ઘડીએ સુપરસીડ જાહેર થઈ શકે છે અને પેટાચૂંટણી આવી શકે છે..!!

# મોડાસા નગરપાલિકાના ૧૨ કર્મચારીઓની ભરતી રદ, સન્નાટો

### પ્રાદેશિક કમિશનરના આદેશથી અરવલ્લીમાં મચ્યો હડકંપ

મોડાસા / બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ ગાંધીનગર ઝોન દ્વારા મોડાસા નગરપાલિકામાં વર્ષ-૨૦૧૨ માં થયેલી ૧૨ કર્મચારીઓની ભરતીને રદ કરવાનો હુકમ કરતાં સમગ્ર અરવલ્લી જિલ્લામાં હડકંપ મચ્યો છે. આ મુદ્દે આગામી દિવસોમાં કાનૂની લડાઈ તેજ બની શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર મોડાસા નગરપાલિકામાં વર્ષ-૨૦૧૨ માં ૧૨ જેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવી હતી અને આ ભરતી ગેરકાયદેસર હોવાથી રદ કરવા માટે સરકારમાં રજૂઆત થઈ હતી. ભરતીની કાયદેસરતા બાબતે અનેક સવાલ પણ ઉઠ્યા હતા. આખરે ૯ વર્ષ પછી પ્રાદેશિક કમિશનર અમિત પ્રકાશ યાદવ દ્વારા નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૫૮ની પેટાકલમ-૧ થી પોતાને મળેલી સત્તાની રૂએ વર્ષ-૨૦૧૨માં મોડાસા નગરપાલિકામાં કરવામાં આવેલી ભરતી પ્રક્રીયા સરકારના પરીપત્ર ઠરાવની જોગવાઈઓનો અમલ થયો ન હોવાનું તારણ જણાવી ભરતી પ્રક્રીયા રદ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે તેમજ ભરતી પ્રક્રીયા રદ કરવા બાબતે વાંધો હોય તો નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૫૮ની પેટાકલમ-૩ હેઠળ કમિશનર, મ્યુનિસિપાલિટી, એડમિનિસ્ટ્રેશન, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦ ગાંધીનગર સમક્ષ એક મહિનામાં અપીલ કરી શકે છે.

**કયા કર્મચારીઓની ભરતી કરવામાં આવી હતી**

દિનેશ પ્રવિણભાઈ પટેલ
કૌશિક કાન્તિલાલ ગોર
ભાવેશ હીરાભાઈ પટેલ
નિકેશ રમેશભાઈ પટેલ
જશવંત ડાહ્યાભાઈ સગર
દિવ્યાંગ યશવંતભાઈ ભટ્ટ
સુનિલ ગુલાબસિંહ પુરોહીત
દેવાંગ છબીલદાસ સોની
કુંજન હસમુખભાઈ ચૌધરી
અવિનાશ હરેશભાઈ કડીયા
સંજય ગોરધનભાઈ રાઠોડ
કમલ ઈશ્વરભાઈ ચૌધરી

# ઓનલાઈન શિક્ષણ આપવું કે માર્કશીટ બનાવવામાં મન પરોવવું

### ઉત્તર ગુજરાતની શાળાઓને બોર્ડની જાહેર પરીક્ષાના બદલે સંગ્રહીત પરિણામ પત્રક વેરીફાઈ કરવા આદેશઃ ડી.ઈ.ઓ. અને શાળાના આચાર્યો ધંધે લાગ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સોમવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો. ઓનલાઈન શિક્ષણ આપવા માટે દરેક શિક્ષકોને સૂચના આપવામાં આવી છે ત્યારે તા.૮ જૂને માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ દ્વારા તમામ ડી.ઈ.ઓ.ને તાબડતોબ પત્ર પાઠવી બોર્ડની જાહેર પરીક્ષા ૨૦૨૧ ના બદલે નિયમિત વિદ્યાર્થીઓને પાસ જાહેર કરવાની જોગવાઈ અનુસાર પરિણામ તૈયાર કરવા માટે ઉપયોગમાં લીધેલા આધારોનું વેરીફીકેશન કરવા આદેશ કરતાં ડી.ઈ.ઓ. અને શાળાના આચાર્યો ધંધે લાગ્યા છે જેના કારણે ઓનલાઈન શિક્ષણમાં પણ થોડા સમય માટે મુશ્કેલી આવી શકે છે.

કોરોનાના કારણે ધો.૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા રદ કરી ઉત્તર ગુજરાતના ૨.૮૫ લાખથી વધુ વિદ્યાર્થીઓને પાસ કરવામાં આવ્યા છે. જ્યારે ધો.૧ થી ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓને પણ માસ પ્રમોશન આપી દેવામાં આવ્યું છે. કેટલાય વાલીઓએ માસ પ્રમોશન મુદ્દે પોતાનો અણગમો વ્યક્ત કર્યો છે. પરંતુ સરકારની જાહેરાત પછી હવે પીછેહઠ થઈ શકે તેમ નથી. ધો.૧૦-૧૨ ની માર્કશીટમાં માસ પ્રમોશન નહીં લખવાનો નિર્ણય કરાયો છે માત્ર એલ.સી.માં માસ પ્રમોશન લખાશે અને હવે શાળાઓને વેરીફીકેશન અંગે જાણ કરવામાં આવી છે જેમાં શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦ માટે ધો.૯ અને ૧૧ ના ફક્ત શાળાએ નિભાવેલ સંગ્રહીત પરિણામપત્રક પ્રમાણિત કરવાના રહેશે. શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટે ધો.૧૦ અને ૧૨ ના ફક્ત શાળાએ નિભાવેલા સંગ્રહીત પ્રમાણિત કરવા જણાવ્યું છે. કોવિડ-૧૯ના કારણે કોઈ શાળા પાસે ઉત્તરવહી, એકમ કસોટી, સામયિક કસોટીના આધારો ઉપલબ્ધ ન હોય તો પણ સંગ્રહીત પરિણામપત્રક આખરી ગણાશે. જનરલ રજીસ્ટર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ પોતાની અનુકુળતાએ વેરીફાઈવ કરવાના રહેશે આ સિવાયના કોઈપણ આધારો હાલ માંગવાના રહેશે નહીં.

# ગોખરવા-રખિયાલ રોડ ઉપર ધરાશાયી બાવળ ન હટાવાતાં હાલાકી

### ૪ દિવસથી અવરોધાતો વાહન વ્યવહાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

મોડાસા તાલુકાના ગોખરવા-રખિયાલ રોડ ઉપર વાવાઝોડા દરમ્યાન ધરાશાયી થયેલ બાવળ ન હટાવાતાં ખેડૂતો અને વાહન ચાલકો હાલાકીમાં મૂકાયા છે. માર્ગ અને મકાન વિભાગ તેમજ વન વિભાગ દ્વારા ૪ દિવસથી બાવળ દૂર કરવાની કામગીરી થઈ નથી જેના કારણે અવરોધ ઉભો થયો છે. વાહનોની અવર જવરથી ધમધમતા માર્ગ ઉપર નરી આંખે દેખાતું બાવળનું જોખમ છતાં કોઈ કામગીરી થઈ ન હોવાના કારણે રાત્રે અકસ્માતની સંભાવના છે.



તાજેતરમાં વાવાઝોડા સાથે વરસાદ વરસતાં અસંખ્ય વૃક્ષો ધરાશાયી થઈ ગયાં હતાં જેમાં વન વિભાગે વૃક્ષો દૂર કરવા માટે આડસ દાખવતાં લીલાં વૃક્ષોનું લાકડું વિરપ્પનોએ ઘરભેગું કરી દીધું છે. જ્યારે હજુય ગ્રામ્ય વિસ્તારમાં રોડ ઉપર ધરાશાયી થયેલાં વૃક્ષો દૂર કરવામાં ન આવતાં વાહન વ્યવહારને અસર થઈ છે. તાલુકાના ગોખરવા-રખિયાલને જોડતા સીંગલ રોડ ઉપર વાવાઝોડા દરમ્યાન બાવળનું મોટું વૃક્ષ ધરાશાયી થઈ જતાં વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો જેમાં ખેતરમાં રહેતા પશુપાલકોને ડેરીમાં વાહન લઈ દૂર ભરાવવા માટે જવું પડતું હોવાથી દ્વિ-ચક્રી વાહન પસાર થાય તેટલો રોડ ખુલ્લો કરવામાં આવ્યો પરંતુ ત્યાર પછી વૃક્ષ દૂર કરવામાં ન આવતાં મોટાં વાહનો પસાર થવામાં મુશ્કેલી ઉભી થઈ છે.

## અરવલ્લી ભાજપમાં ડખો

# જીલ્લા પ્રમુખ રાજેન્દ્ર પટેલ મનમાની કરતા હોવાનો આક્ષેપ ધનસુરા ભાજપ મહામંત્રીએ લગાવ્યો

### રાજકીય ગરમાવો


મોડાસા, તા. ૮

ભારતીય જનતા પાર્ટીને કેડરબેઝ કે શિસ્તબદ્ધ પાર્ટી ગણવામાં આવે છે. પરંતુ ૨૦૧૪માં નરેન્દ્ર મોદી ગુજરાતની ગાદી છોડી દિલ્હી ગયા બાદ ગુજરાતમાં ભાજપની પ્રતિષ્ઠા ધોવાયાના હોવાના અનેક બનાવો સમયાંતરે બહાર આવતા રહે છે. ભાજપના અગ્રણીઓ અને



કાર્યકર્તાઓ હોદ્દો મળ્યા પછી મનમાની કરતા હોવાનો આક્ષેપ લગાતાર ઉઠી રહ્યા છે રાજ્યમાં છાસવારે ભાજપના મંત્રીથી લઈ સંત્રી સામે લેટર બૉમ્બ બહાર આવતા હોય છે ત્યારે અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ સામે ધનસુરા તાલુકાના મહામંત્રી નરેન્દ્ર પટેલે મનસ્વી રીતે વર્તી રહ્યા હોવાની સાથે કૉંગ્રેસના સંકલનમાં રહી કામગીરી કરતા હોવાના આક્ષેપ સાથે પ્રદેશ મહામંત્રી અને જીલ્લા પ્રભારી મંત્રીને લેખીત રજુઆત કરી હોવાનો પત્ર સોશ્યલ મીડિયામાં વાયરલ થતા જીલ્લા ભાજપના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે

આમ તો ભાજપ શિસ્તબદ્ધ પાર્ટી હોવાના બણગા ફૂંકતી હોય છે, પરંતુ ભાજપના જ નેતાઓ શિસ્તના લીરેલીરા ઉડાવતા હોય તેવા બનાવો એક પછી એક સામે આવી રહ્યા છે. અરવલ્લી ભાજપમાં આંતર કલહ સામે આવ્યો છે. જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ મનમાની કરતા હોવાનો આક્ષેપ લાગ્યો છે.અરવલ્લી ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ કોંગ્રેસના સંકલનમાં હોવાનો અને ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણી લડવા માંગતા હોય તે રીતે તેમના માણસોને ગોઠવી રહ્યા છે અને પાયાના કાર્યકરોની અવગણના કરવામાં આવતી હોવાનો પણ આક્ષેપ ધનસુરા તાલુકા ભાજપના મહામંત્રીએ લગાવ્યો છે. ધનસુરા તાલુકા ભાજપ મહામંત્રી નરેન્દ્ર પટેલે જીલ્લા ભાજપ પ્રમુખ વિરુદ્ધ સનસનાટી ભર્યો આક્ષેપ કરવાની સાથે પ્રદેશ મહામંત્રીને પત્ર લખી જાણ કરી છે જેમાં જીલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ તમારાથી થાય એ કરી લેવું ત્રણ વર્ષ માટે જિલ્લાનો હું જ બોસ છું પ્રદેશમાં રજુઆત કરવી હોય તો કરી શકો છો મને કોઈ ફર્ક પાડવાનો નથી પત્રમાં જે આક્ષેપ કરવામાં આવ્યા છે તેના પરથી અનેક સવાલો ઉઠી રહ્યા છે. શું આવી દાદાગીરી જીલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ કાયમ કરે છે...? શું જીલ્લા સંગઠન પ્રદેશ નેતાગીરીના કહ્યામાં નથી? પત્રમાં જે આક્ષેપ કરવામાં આવ્યા છે તેના પરથી અનેક સવાલો ઉઠી રહ્યા છે.



॥ ભારત માતા કી જય ॥ :: વંદે માતરમ્ :: " સબ કા સાથ સબ કા વિકાસ "

ભારતીય જનતા પાર્ટી ધનસુરા તાલુકો

BJP BJP

શ્રી પટેલ નરેન્દ્રભાઈ લાલાભાઈ (એન.એલ.પટેલ)

મહામંત્રી - ધનસુરા તાલુકા

મુ.પો.તા.ધનસુરા, જી.અરવલ્લી. પીન.૩૮૩૩૧૦ મો.૯૪૨૬૩૬૫૮૯૯ / ૯૯૨૫૭૩૩૨૩૩

તા. ૦૭-૦૬-૨૦૨૧

પ્રતિ,
પ્રમુખ સાહેબશ્રી,
ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ

[illegible]

પટેલ નરેન્દ્રભાઈ લાલાભાઈ
ભારતીય જનતા પાર્ટી ધનસુરા તાલુકા
મુ.પો.તા. ધનસુરા, જી. અરવલ્લી.

## જન્મદિને વધામણી



માનુસી જયદીપકુમાર સુરાની
બાયડ, જિ.અરવલ્લી



સુજલ શૈલેષકુમાર ભાટીયા
(ઉપપ્રમુખ : યંગ જાયન્ટ્સ બાયડ)
(સભ્ય : લીઓ ક્લબ-બાયડ)
બાયડ, જિ.અરવલ્લી



મગનભાઈ અબજીભાઈ પટેલ
(૧૪-ગોકુલેશ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



રાજેશભાઈ શાહ
(હેડકલાર્ક : જીતપુર હાઈસ્કુલ)
વિવેકાનંદ સોસાયટી
બાયડ, જિ.અરવલ્લી



રસિકભાઈ પટેલ
(તત્વ ઈન્સ્ટીટ્યુટ-મોડાસા)
ગઢકંપા, તા.ધનસુરા



કુમુદભાઈ પી. ભાવસાર
(પૂર્વ પ્રમુખ : જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ)
બાયડ, જિ.અરવલ્લી



પરેશભાઈ ડી. બ્રહ્મભટ્ટ,
પત્રકાર
ઠાસરા (આકરૂન્દ)



મુકેશભાઈ એલ. પટેલ
(ટ્રસ્ટી : ગ્રોમોર ફાઉન્ડેશન, હિંમતનગર)
હિંમતનગર (હરિપુરાકંપા)



જાગૃતિબેન પી. ખત્રી
ધનસુરા, જિ.અરવલ્લી